મારા મનનાં અણુ એ અણુમાં, જાગો જીવન સ્વામી, તુજ જાગ્યે મુજ જીવન જાગે, દિવ્ય પ્રભા રહું પામી.

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૧૩૧૦ |
| અમદાવાદ | ૧૯૮ |
| ગાંધીનગર | ૩૬ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૦૪ | ૩ ઓક્ટોબર, ૨૦૨૦, શનિવાર; અ. આસો વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# અમેરિકા ભારતના દાવાઓનું સમર્થન કરે છે

### અરૂણાચલ પ્રદેશ મુદ્દે અમેરિકાએ ચીનને જબરદસ્ત ઝટકો આપ્યો : વિવાદિત વિસ્તારોનો મુદ્દો ભારત-ચીન દ્વિપક્ષીય વાટાઘાટથી ઉકેલે : અમેરિકા

વોશિંગ્ટન, તા.૨

અમેરિકાએ એકવાર ફરીથી ચીનને જબરદસ્ત મોટો આંચકો આપીને ભારતને મજબૂત સાથ આપ્યો છે. અરૂણાચલ પ્રદેશ મુદ્દે ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસને સ્પષ્ટ કર્યું છે કે તેઓ ભારત સાથે છે અને ભારતના દાવાઓનું સમર્થન કરે છે. અરૂણાચલ પ્રદેશ અંગે ચીને હાલમાં જ વિવાદિત નિવેદનો આપ્યો. આ બધા વચ્ચે અમેરિકાએ પોતાનું સ્ટેન્ડ સ્પષ્ટ કર્યું છે. અમેરિકાના ગૃહ વિભાગે નિવેદન બહાર પાડીને કહ્યું છે કે લગભગ ૬૦ વર્ષથી અમેરિકાએ અરૂણાચલ પ્રદેશને ભારતના ભાગ તરીકે સ્વીકાર્યું છે. અમે વાસ્તવિક નિયંત્રણ રેખા પર કોઈ પણ પ્રકારની ઘૂસણખોરી, પછી ભલે તે સૈન્ય હોય કે નાગરિક, તેના દ્વારા ક્ષેત્રીય દાવાઓને લઈને એકપક્ષીય કોશિશનો પૂરજોશમાં વિરોધ કરીએ છીએ. અમેરિકાના ગૃહ વિભાગે વધુમાં કહ્યું કે જ્યાં સુધી વિવાદિત વિસ્તારોની વાત છે તો અમે ફક્ત એટલું કહી શકીએ કે અમે ભારત અને ચીનને દ્વિપક્ષીય રસ્તા દ્વારા તેને ઉકેલવા માટે પ્રેરિત કરીએ છીએ અને સૈન્યબળનો ઉપયોગ ન કરવાની અપીલ કરીએ છીએ. અમેરિકાનું આ નિવેદન અરૂણાચલ પ્રદેશને પચાવી પાડવાની ચીનની કોશિશો માટે જબરદસ્ત ઝટકા સમાન છે. ચીન હંમેશાથી અરૂણાચલ પ્રદેશ પર પોતાની ખરાબ નજર જમાવી બેઠું છે. તે સમયાંતરે આ અંગે નિવેદનો પણ આપ્યા કરે છે. ગત મહિને જ્યારે ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઝાઓ લિજિન તરફથી અરૂણાચલ પ્રદેશમાંથી ગાયબ ૫ યુવકો વિશે પૂછવામાં આવ્યું તો તેમણે શીધો જવાબ આપવાની જગ્યાએ અરૂણાચલ પ્રદેશને ચીનનો ભાગ ગણાવી દીધો. તેમણે કહ્યું હતું કે ચીને ક્યારેય અરૂણાચલ પ્રદેશને માન્યતા આપી નથી, તે ચીનના દક્ષિણ તિબ્બતનો વિસ્તાર છે.

નોંધનીય છે કે ત્યારબાદ ચીનની સેનાએ સ્વીકાર્યું હતું કે અરૂણાચલ પ્રદેશમાંથી ગુમ થયેલા ૫ યુવતો તેમની સરહદમાંથી મળી આવ્યા છે. અરૂણાચલ પ્રદેશ પાસે ન્છઝ પર ૬ વિસ્તારોમાં ચીને જવાનોની તૈનાતી વધારી હતી. અપર સુબાનસિરીના અસાપિલા, લોંગજૂ, બીસા અને માઝામાં તણાવ છે. ચીને અરૂણચાલ પ્રદેશના બીસામાં એલએસી નજીક એક રસ્તો પણ બનાવ્યો છે. અરૂણાચલ પ્રદેશમાં LAC નજીક ૪ સંવેદનશીલ વિસ્તારોમાં સેના સતર્ક છે.

## ગાંધીજીની જયંતી પર નરેન્દ્ર મોદીની શ્રદ્ધાંજલિ

### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિત અગ્રણીઓની પણ રાષ્ટ્રપિતાને અંજલિ : શાસ્ત્રીજીને પણ રાષ્ટ્રની શ્રદ્ધાંજલિ

નવી દિલ્હી,તા.૨

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની આજે ૧૫૧મી જન્મજયંતી છે. આ અવસરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપવા માટે સવારે રાજઘાટ પહોંચ્યા. પ્રધાનમંત્રીએ મહાત્મા ગાંધીને નમન કર્યાં. આ દરમિયાન અહીં જયંતીના અવસરે ભજનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિજય ઘાટ પહોંચીને પૂર્વ પીએમ લાલ બહાદુર શાસ્ત્રીને પણ શ્રદ્ધાંજલિ આપી. લાલ બહાદુર શાસ્ત્રીની પણ આજે ૧૧૬મી જયંતી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે ગાંધી જયંતીના અવસરે ટ્વીટ કરીને રાષ્ટ્રપતિને શ્રદ્ધાંજલિ આપી. તેમણે લખ્યું કે ગાંધીજીના અસાધારણ વ્યક્તિત્વ તથા સાધનાપૂર્ણ જીવને વિશ્વને શાંતિ, અહિંસા અને સદભાવનો માર્ગ દેખાડ્યો. તેમણે લખ્યું કે સ્વદેશીના ઉપયોગને વધારવાના તેમના સ્વપ્રને પૂર્ણ કરવા માટે આજે સમગ્ર દેશ મોદીજીના આત્મનિર્ભર ભારતના સંકલ્પની સાથે સ્વદેશી અપનાવી રહ્યો છે. ગાંધી જયંતી પર તેમને કોટિ કોટિ નમન.

## અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ અને પત્ની મેલાનિયા કોરોના સંક્રમિત

### ટ્રમ્પ અને મેલાનિયા ચૂંટણી પહેલાં ક્વોરન્ટીન થયા : ખુદ ટ્રમ્પે આ અંગેની માહિતી આપી : અમેરિકન પ્રમુખના સલાહકાર અગાઉ કોરોના પોઝિટિવ આવ્યા હતા

વોશિંગ્ટન,તા.૨

કોરોના સંક્રમણની સૌથી વધુ અસર અમેરિકામાં જોવા મળી હતી. ત્યારે હવે અમેરિકા પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના પત્ની કોરોનાની ઝપેટમાં આવ્યા છે. શુક્રવારે સવારે ડોનાલ્ડ ટ્રમ્પે ટ્વિટ કરીને તેઓ અને પત્ની મેલાનિયા કોરોના પોઝિટિવ હોવાની જાણકારી



આપી હતી. કોરોના રિપોર્ટ આવ્યા પછી પ્રેસિડેન્ટ અને ફર્સ્ટ લેડીને ક્વોરન્ટીન કરવામાં આવ્યા છે. જણાવી દઈએ કે, વ્હાઈટ હાઉસમાં ડોનાલ્ડ ટ્રમ્પના અંગત સલાહકાર હોપ હિક્સ શુક્રવારે કોરોનાથી સંક્રમિત થયા હતા. જે બાદ ડોનાલ્ડ ટ્રમ્પે ટ્વિટ

● અનુસંધાન પાન-૭ પર

## ચારધામ યાત્રામાં કોરોનાના રિપોર્ટની બાધ્યતા સમાપ્ત

### ચારધામ માટેનું ઈ-બુકિંગ શરૂ થઈ ગયું, બહારના લોકો પણ કોરોનાનો રિપોર્ટ કરાવ્યા વગર યાત્રા કરી શકશે

દહેરાદૂન, તા. ૨

ઉત્તરાખંડ ચારધામ દેવસ્થાનમ બોર્ડ દ્વારા રાજ્યના લોકો માટે ચાર ધામ યાત્રા ૧ જુલાઈથી શરૂ થઈ હતી, જ્યારે ચાર ધામ યાત્રા ૨૫ જુલાઈથી દરેક માટે કેટલીક જોગવાઈઓ સાથે શરૂ થઈ હતી. ચાર ધામ યાત્રા માટે ઉત્તરાખંડની બહાર આવેલા યાત્રાળુઓ માટે, ભારતીય તબીબી સંશોધન પરિષદ (આઈસીએમઆર) દ્વારા ૭૨ કલાક પહેલા પ્રમાણિત લેબમાંથી નેગેટિવ રિપોર્ટ અથવા કોરોન્ટાઈન પીરિયડના પુરાવાનાં ધોરણને ૭૨ કલાક પહેલા રદ કરવામાં આવ્યા છે. હવે આરોગ્યના ધોરણોને અનુસરીને દેશના અન્ય પ્રાંતના લોકો દેવસ્થાનમ બોર્ડની વેબસાઈટ દ્વારા સરળતાથી ચારધામ યાત્રાને ઈ-પાસ બનાવી શકે છે. શુક્રવાર સાંજ સુધી ઉત્તરાખંડ દેવસ્થાનમ મેનેજમેન્ટ બોર્ડની વેબસાઈટ www.badrinath-kedarnath.gov.in દ્વારા ૪૧૧૨ લોકોએ ચાર ધામ માટે ઈ-પાસ બુક કરાવ્યા છે, જેમાં શ્રી બદ્રીનાથ ધામ માટે ૧૫૪૨, શ્રી કેદારનાથ ધામ માટે ૧૫૦૩, શ્રી ગંગોત્રી ધામ માટે ૫૮૧, શ્રી યમુનોત્રી ધામ માટે ૪૮૬ લોકોએ ઈ-પાસ બુક કરાવ્યા છે.








શરમ... શરમ... ને શરમ... - હાથરસની ઘટનાએ દેશને શરમજનક સ્થિતિમાં મૂક્યો છે... એક નહિ, બે નહિ પણ ૧૮-૧૮ દુષ્કર્મની ઘટના માત્ર ૭૨ કલાકમાં બને ત્યારે સ્વાભાવિક જ ઉહાપોહ સર્જાય... પરંતુ હાથરસની ઘટનામાં વાત કંઈ અલગ જ છે... સરકાર પિડીતાના પરિવારને મૃતદેહ ના આપે, તેમને નજરબંધ કરે... અને મિડિયા સાથે વાત પણ ન કરવા દે ત્યારે કોને બચાવાઈ રહ્યા છે... ? તે પ્રશ્ન ભારતના દરેક નાગરિકના મનમાં ઉભો થાય છે... દુષ્કર્મના આરોપી ગમે તે પ્રદેશનો હોય, ગમે તે જ્ઞાતિનો હોય કે ગમે તે પક્ષનો હોય... તેને સજા થવી જ જોઈએ એ વાત સાથે દેશ આખો સહમત છે... ત્યારે પીડિતાના પરિવારને ન્યાય મળે એવા દેખાવો દેશભરમાં થઈ રહ્યા છે... મિડિયા પણ સતત સત્ય સુધી પહોંચવા ભરપૂર પ્રયાસ કરે છે... પરંતુ કોણ જાણે કેમ શાસન અને પ્રશાસન હાથરસમાં આડો હાથ કરીને ઉભા છે...

## છેલ્લે... છેલ્લે...

- ટ્રમ્પને કોરોના પોઝિટિવ આવતા તેલના ભાવ ગગડ્યા.
- અમેરિકામાં વસતા ભારતીયોમાંથી ૬.૫ લાખ લોકો ગરીબી રેખાની નીચે
- કેરળમાં ૫થી વધુ લોકો ભેગા નહિ થઈ શક
- રેલવે ૧૫ ઓક્ટોબરથી દોડશે ૨૦૦થી વધુ નવી સ્પેશિયલ ટ્રેન
- કોરોના થશે તો મમતા બેનરજીને ગળે લાગવીશ કહેનાર ભાજપના નેતાને કોરોના થયો
- હાથરસના એસપી, ડીએસપી અને પોલીસ ઈન્સ્પેક્ટર તાત્કાલિક અસરથી સસ્પેન્ડ.
- પોળોના જંગલ ઓક્ટબોર માસમાં શનિ-રવિ મુલાકાતીઓ માટે બંધ કરાયું
- ૨૦૨૧ સુધીમાં કોરોના વાયરસની વેક્સિન આવી શકે છે : એમ્સ ડાયરેક્ટર

3BHK FLAT SELLING
Near Raxa Circle. opp. NID.
175 yd built - up area.
East - West facing.
100% wind direction.
90% fully furnish.
Call : 9974703401

## દેશમાં વેક્સિનનું વિતરણ અને સ્ટોરેજ પ્લાનિંગ આરંભાયું

### નજીકના ભવિષ્યમાં કોરોનાની રસી મળી શકશે : કેન્દ્રએ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને રસીના સંગ્રહ અને જાળવણી માટેની તૈયારીઓ કરવાની સુચના આપી

નવી દિલ્હી,તા.૨

દુનિયામાં કોરોના વેક્સીન માટે રિસર્ચ યુદ્ધસ્તર પર શરું થઈ ગયું છે. આશા કરવામાં આવી રહી છે કે આગામી વર્ષની શરુઆત સુધીમાં આ જીવલેણ બીમારીની કોઈ વેક્સીન જરુર આવી જશે. આ વચ્ચે ભારતમાં વેક્સીનને લઈને આગામી તબક્કાની તૈયારીઓ શરું કરી દેવામાં આવી છે. કેન્દ્ર સરકારે રાજ્યો પાસેથી કોરોના વેક્સીન સ્ટોરેજને લઈને જરુરી ક્ષમતા તૈયાર કરવા માટે અને તેના વિતરણના પ્લાન અંગે સૂચનો માગ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આની પાછળનો વિચાર એ છે કે રસી બજારમાં આવે કે તરત જ દેશના દૂર-દૂરના લોકો સુધી પણ તેની તુરંત પહોંચવાની વ્યવસ્થા હોવી જોઈએ. કેન્દ્રએ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને રસીના સંગ્રહ અને જાળવણી માટેની તૈયારી કરવા જણાવ્યું છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પત્ર લખીને કહ્યું છે કે, કોવિડ -૧૯ મહામારીને રોકવા માટે તેની સામે અસરકારક ઈમ્યુનિસેશન જરૂરી છે અને આ માટે રસી સંગ્રહવા અને જાળવવાની ક્ષમતા પણ એટલી જ મહત્વપૂર્ણ છે.

ઉલ્લેખનીય છે કે હાલના તબક્કે ભારતમાં ત્રણ રસીનું હ્યુમન ટ્રાયલ ચાલી રહ્યું છે. જેમાં ઓક્સફોર્ડ યુનિવર્સિટી અને એસ્ટ્રાઝેનેકાની રસી તો ટ્રાયલના ત્રીજા તબક્કામાં પહોંચી ગઈ છે. પૂણે સ્થિત સીરમ ઈન્સ્ટિટ્યુટ વેક્સીન ટ્રાયલ કરી રહી છે અને સીરમ ઈન્સ્ટિટ્યુટ એસ્ટ્રાઝેનેકા સાથે મળીને મધ્યમ અને ઓછી આવકવાળા દેશો માટે રસી ઉત્પાદન કરવામાં ભાગીદાર પણ છે.

## દેશમાં મૃત્યુઆંક આજે ૧ લાખ પહોંચશે

ન્યુ દિલ્હી,તા.૨

ભારતમાં કોરોના વાઈરસથી સંક્રમિતોની સંખ્યા સતત વધી રહી છે. છેલ્લાં ૨૪ કલાકમાં કોરોનાના ૮૧,૪૮૪ નવા પોઝિટિવ કેસ સામે આવ્યાં છે. જ્યારે આજ સમયગાળામાં વધુ ૧૦૯૫ લોકોના મરણ નોંધાયા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર, નવા કેસો ઉમેરાવા સાથે જ દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને ૬૩,૯૪,૦૬૯ પર પહોંચી ગઈ છે. જ્યારે કુલ મૃત્યુઆંક ૯૯,૭૭૩ થઈ ગયો છે.

દેશમાં હાલ ૯,૪૨,૨૧૭ કોરોનાના એક્ટિવ કેસ છે. જો કે રાહતની વાત છે કે, છેલ્લા ૨૪ કલાકમાં ૭૮,૬૪૬ લોકો રિકવર થઈ ચૂક્યાં છે. આ સાથે જ અત્યાર સુધી ૫૩,૫૨,૦૭૮ દર્દીઓ સારવાર મેળવ્યા બાદ કોરોનાને માત આપવામાં સફળ રહ્યાં છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચના જણાવ્યા પ્રમાણે, ૧ ઓક્ટોબર સુધી કોરોના વાઈરસના કુલ ૭.૬૭ કરોડ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવી ચૂક્યાં છે.

## આજે વિશ્વની સૌથી લાંબી અટલ ટનલનું મોદીના હસ્તે ઉદ્દઘાટન

ન્યુ દિલ્હી,તા.૨

પ્રધાનમંત્રી નરેંદ્ર મોદી આવતીકાલે ૩ ઓક્ટોબરે સવારે ૧૦ વાગ્યે રોહતાંગમાં અટલ ટનલનું ઉદ્ઘાટન કરશે. અટલ ટનલ દુનિયામાં સૌથી લાંબી હાઈવે ટનલ છે. ૯.૦૨ કિલોમીટરની લંબાઈ ધરાવતી આ ટનલ મનાલીને આખું વર્ષ લાહૌલ-સ્પિતિ ઘાટી સાથે જોડી રાખશે. અગાઉ આ ઘાટી ભારે હિમવર્ષાને કારણે દર વર્ષે આશરે ૬ મહિના સુધી દેશના બાકીના વિસ્તારોથી સંપર્કવિહોણી થઈ જતી હતી. આ ટનલનું નિર્માણ હિમાલયની પીરપંજાલ પર્વતમાળામાં અત્યાધુનિક ખાસિયતો સાથે થયું છે, જે દરિયાની સરેરાશ સપાટીથી ૩,૦૦૦ મીટર (૧૦,૦૦૦ ફીટ)ની ઊંચાઈ પર સ્થિત છે. રક્ષામંત્રી રાજનાથ સિંહે આજે આ અટલ ટનલની મુલાકાત લીધી હતી.

● અનુસંધાન પાન-૭ પર

